રિનોવેશન કામગીરી દરમિયાન છઠ્ઠે મજલેથી

# મજૂરે ફેંકેલા કાટમાળના કચરાએ બેંકના સ્વીપરનો જીવ લીધો

## સે. ૧૦ એસબીઆઈ મુખ્ય શાખામાં બની ઘટના : બેદરકારીથી થયેલા મૃત્યુ સંદર્ભે સાપરાધ મનુષ્ય વધનો ગુનો દાખલ

ગાંધીનગર, તા. ૨૧

શહેરના સેક્ટર-૧૦ ખાતે આવેલી એસબીઆઈ બેંકની મુખ્ય શાખાના છઠ્ઠે મજલે રીનોવેશન કામગીરી ચાલુ છે. છઠ્ઠે માળેથી ગઈ કાલે એક મજૂરે કાટમાળનો કચરો ફેંક્યો અને તે જ સમયે નીચેથી પસાર થતા બેંકના સ્વીપરના માથે પડ્યો હતો. ગંભીર રીતે ઘાયલ થયેલા સ્વીપરને તાત્કાલીક હોસ્પિટલ લઈ જવાયો હતો. આજે તેનું સારવાર દરમ્યાન પ્રાણ પંખેરૂ ઉડી ગયુ હતુ. સુપરવાઈઝર કે કોન્ટ્રાક્ટર દ્વારા બેંક બહાર કોઈ સુચના લગાવાયેલી ન હતી કે આ વિસ્તાર કોર્ડન પણ ન કરી ગંભીર બેદરકારી દાખવી હતી. કાટમાળનો કચરો ફેંકનાર મજૂર સામે સે. ૭ પોલીસે સાપરાધ મનુષ્ય વધ અંગે ગુનો દાખલ કરી ઊંડી તપાસ શરૂ કરી છે.



શહેરના સેક્ટર-૬ જ-ટાઈપ ખાતે બ્લોક નં. ૨૨/એ માં રહેતો ૨૭ વર્ષિય યુવાન આનંદ વિનોદભાઈ સોલંકી સે. ૧૦ એસબીઆઈ મુખ્ય શાખામાં સ્વીપર તરીકે કામ કરતો હતો. ગઈકાલે બેંકનો કચરો કચરાપેટીમાં નાંખવા બેંકના પાછળના ભાગે ગયો હતો. બેંકના છઠ્ઠે માળે રીનોવેશન કામગીરી ચાલુ હતી. તુટેલી ટાઈલ્સ અને પથ્થરોના ટુકડા જેવો કાટમાળ છઠ્ઠે માળેથી પ્રભુભાઈ રામજીભાઈ કડીયા નામના મજૂરે નીચે જોયા વગર ફેંક્યો હતો. આ કાટમાળ કચરો ફેંકવા આવેલા આનંદના માથે પડતા તે ગંભીર રીતે ઘાયલ થતા તાત્કાલીક તેને હોસ્પિટલ લઈ જવાયો હતો. જીવન-મરણ વચ્ચે ઝોલા ખાતા આ સ્વીપરનું આજે સવારે હોસ્પિટલમાં કરૂણ મૃત્યુ થઈ ગયું હતું. સે. ૭ પોલીસે સાપરાધ મનુષ્ય વધ બદલ મજૂર પ્રભુભાઈ કડીયા સામે આઈપીસી કલમ ૩૩૭, ૩૩૮ અને ૩૦૪ એ મુજબ ગુનો દાખલ કરી કડક કાર્યવાહી હાથ ધરી છે. તો બીજી તરફ આ ઘટનામાં સુપરવાઈઝર-કોન્ટ્રાક્ટરની પણ બેદરકારી હોવાનું ધ્યાને આવ્યુ છે. પરંતુ ત્યા સુધી આ ગુનાનો રેલો પહોંચે છે કે કેમ તે જોવુ રહ્યું..!



### ડીપીએસ ગાંધીનગરનો બાસ્કેટબોલમાં દબદબો

જુનિયર નેશનલ બાસ્કેટબોલ એસોસિએશન દ્વારા આયોજિત બોયઝ અને ગર્લ્સની અલગ અલગ કેટેગરીની ટૂર્નામેન્ટનું આયોજન અમદાવાદ એજ્યુકેશન સોસાયટી ગ્રાઉન્ડ પર તાજેતરમાં થયું હતું. આ ઈવેન્ટના ઈન્ચાર્જ કુમારી નતાલીયા ઈન્દ્રે હતા કે જેઓ ઈન્ટરનેશનલ બાસ્કેટબોલ કોચ અને રેફરીની સવાઓ એનબીએ ટૂર્નામેન્ટ અમેરિકામાં આપે છે. આ પ્રતિષ્ઠિત ટૂર્નામેન્ટમાં અન્ડર-૧૬ના બોયઝના બે ગ્રુપ અનુક્રમે આનંદનિકેતન સેટેલાઈટ તથા રચના હાઈસ્કૂલ શાહીબાગને હરાવીને ડીપીએસની ટીમ પ્રથમ સ્થાન પ્રાપ્ત કરવામાં સફળ રહી હતી. જયારે અન્ડર-૧૬ ગર્લ્સ અને અન્ડર-૧૩ ગર્લ્સ વિભાગે દ્વિતીય સ્થાન પ્રાપ્ત કરીને શાળાનું ગૌરવ વધાર્યું હતું. આખા દેશમાં બે મહિનાના સમયગાળા દરમિયાન ૧૧ જેટલી જગ્યાઓમાં આ ટૂર્નામેન્ટ યોજાવાની છે. ડીપીએસ ગાંધીનગર શાળા પરિવાર તરફથી વિદ્યાર્થીઓને શુભકામનાઓ પાઠવવામાં આવી છે.

# ગાંધીનગરના તલવારબાજીના કોચ ભરત ઠાકોરને રાષ્ટ્રિય યુવા પુરસ્કાર

## નાસિક ખાતે પૂર્વ કુસ્તીવીર બંદા પાટિલના હસ્તે સન્માન કરાયું

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગરના તલવારબાજી રમતના કોચ ભરત ઠાકોરનું તાજેતરમાં મહારાષ્ટ્રના નાસિક ખાતે 'રાષ્ટ્રીય યુવા પુરસ્કાર' દ્વારા સન્માન કરવામાં આવ્યું છે. આ સન્માન કે. કૌંડાજી નામદેવ દુધારે બહુઉદ્દેશીય મંડળ દ્વારા ભારતના કુશ્તીના પૂર્વ ખ્યાતનામ ખેલાડી બંદા પાટિલના હસ્તે કરવામાં આવ્યું હતું.




નાસિક ખાતે તા. ૧૯મી માર્ચે આયોજિત સમારંભમાં દેશભરના વિવિધ ક્ષેત્રોની ૪૦ જેટલી પ્રતિભાઓને સન્માનવામાં આવી હતી. આ ક્ષેત્રોમાં કલા, રમત ગમત, શૈક્ષણિક, સાંસ્કૃતિક અને સામાજિક વગેરે ક્ષેત્રોનો સમાવેશ કરાયો હતો. આ સમારંભમાં ઓલિમ્પિક રમતોમાં પાંચવાર ભારતનું પ્રતિનિધિત્વ કરી ચુકેલા વરિષ્ઠ કુશ્તીબાજ બંદા પાટિલ ઉપરાંત નાના સાહેબ મહાળે, ડૉ. બલવિંદરસિંગ, દત્તા પાટિલ, આનંદ કરે, અશોક દુધાર અને વિજયા દુધારે જેવા અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. ભરત ઠાકોરને ગુજરાતમાંથી ખેલ પ્રતિભા અંતર્ગત રાષ્ટ્રિય યુવા પુરસ્કાર અપાયો હતો. આ સમારંભ બાદ ભરત ઠાકોર આજે પોલેન્ડમાં વૉર શો ખાતે યોજાનાર આંતરરાષ્ટ્રીય ટૂર્નામેન્ટમાં ભારતીય તલવારબાજી ટીમના કોચ તરીકે જવા રવાના થયા છે.

# શહેરના સેકટર-૭/સી ની શેરીઓમાં એલઈડી લાઈટો બંધ હાલતમાં

## સે-૩ બી અને સે-૩ ન્યું ખાતે પણ લાઈટો બંધ રહેતા નાગરીકો હેરાન

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર શહેરના સેકટર-૭ સી ખાતે આવેલ શેરીઓમાં એલઈડી લાઈટો ઝગમગ થાય છે. શહેરના સેકટરો તેમજ માર્ગો પર લાઈટો ફીટ કર્યા ને માંડ બે માસ થયા છે. તેવા સમયે સેકટર-૭ સી માં એલઈડી લાઈટો બંધ હાલતમાં છે.` સેકટરના રહીશો તેમજ નાગરીકો અંધકારના કારણે હેરાન પરેશાન થઈ ગયા છે.

ગાંધીનગર શહેરના સેકટરોમાં તેમજ માર્ગો પર તંત્ર દ્વારા કરોડો રૂપીયાના ખર્ચે એલઈડી લાઈટો ફીટ કરવામાં આવી છે. શહેરમાં એલઈડી લાઈટના ઓજસથી શહેર ઝગમગતું થવાને બદલે અંધકારમાં ગરકાવ થઈ ગયું છે. જેને પગલે અંધકારનો લાભ લઈને ચોર ઈસમોને મોકળું મેદાન મળી જાય છે. ત્યારે રાત્રીના સમયે સેકટરોમાં તેમજ શેરીઓમાં અંધકારને પગલે બાળકો તેમજ મહિલાઓ ઘરની બહાર નીકળતા પણ ડર અનુભવી રહી છે. ત્યારે સેકટર-૭ સી માં એલઈડી લાઈટો છેલ્લા એક સપ્તાહથી ઝગમગ થયા કરે છે પરંતુ અનેકવાર ફરીયાદ કરવા છતા રીપેર કરવા કોઈ ડોકાતુ નથી. નાગરીકોને લાઈટ રીપેરીંગનો કોન્ટ્રાકટ આપવામાં આવ્યો છે તેમને કહો તે રીપેર કરી જશે તેવું સાંભળવા મળે છે. ત્યારે સેકટર-૭ સી જેવી જ પરિસ્થિતી સેકટર-૩ બી અને સે-૩ ન્યુંમાં ઉભી થવા પામી છે. આ બંન્ને સેકટર સાંજ ઢળતાં જ અંધકારમાં ગરકાવ થઈ જાય છે. ત્યારે તંત્ર દ્વારા એલઈડી લાઈટના ઓજસ સેકટરની શેરીઓમાં પથરાય તેની રાહ નાગરીકો જોઈ રહ્યા છે.



# ધોળાકૂવા સર્કલ પાસે શ્રમજીવી બાળકોને ધાણી અને ખજૂરનુ વિતરણ

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર શહેરના પાદરે આવેલ ધોળાકૂવા સર્કલની આસપાસ રહેતા શ્રમજીવી પરિવારના બાળકોને હોળીના તહેવારમાં ખજૂર, ધાણી, મમરા અને હાઈડાનું વિતરણ સ્વ. જર્નાદનભાઈ જોષીના સ્મરણાર્થ હસ્તે કુમુદબેન જર્નાદનભાઈ જોષી પરિવાર તરફથી કરવામાં આવેલ હતુ. બાળકોને ખજૂર અને ધાણીનું વિતરણ કરાતા વાલીઓ અને બાળકોમાં ઉત્સાહભેર માહોલ સર્જાયો હતો. બાળકોએ સ્વ. જર્નાદનભાઈ જોષીના આભારે શાંતિઅર્થે બે મિનિટ મૌન પાડીને પ્રાર્થના કરી હતી.

# લીંબોદરા હાઈસ્કૂલના બાળકોનો પ્રેરણાત્મક પ્રકૃતિપ્રેમ

## બાળકોએ નકામા ખોખામાંથી ચકલીઘર અને જૂના માટલામાંથી પક્ષી પરબો બનાવી

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર જિલ્લાની લીંબોદરા ખાતેની પી.પી.આર. શાહ હાઈસ્કૂલમાં શાળાના બાળકોએ જાતે ચકલીના માળા તથા પક્ષીઓને પાણી પીવા માટેની પરબો બનાવી પર્યાવરણ જતનનું અનોખુ ઉદાહરણ પુરૂ પાડ્યું છે. શાળાના આચાર્ય તેજસિંહ પરમારના માર્ગદર્શન હેઠળ બાળકો દર વર્ષે આ પ્રકારની પ્રવૃત્તિ હાથ ધરે છે. આ ઉપરાંત શાળા સંકુલમાં બાળકો તથા કર્મચારી ગણ દ્વારા નૈસર્ગિક વાતાવરણ ખિલે તે માટે વૃક્ષોનું જતન કરવાની જવાબદારી ઉઠાવાય છે.

ગઈકાલે તા. ૨૦મી માર્ચે વિશ્વ ચકલી દિવસની ઉજવણી દેશભરમાં કરવામાં આવી હતી. આ દિવસ ચકલી તથા તેના જેવા નાના પક્ષીઓના જતન માટે ઉજવવામાં આવે છે. લીંબોદરાની પીપીઆર શાહ હાઈસ્કૂલ ખાતે આ દિવસ અંતર્ગત બાળકો દ્વારા જુના વેસ્ટ પુંઠાના બોક્સમાંથી ચકલીઘર બનાવ્યા હતા અને તેને શાળા સંકુલમાં લગાડ્યા હતા. આ સાથે શાળાની વિદ્યાર્થીનીઓએ જુના માટલા એકઠા કરી તેમાંથી પક્ષીઓ માટે પીવાની પાણીની સુવિધા ઉભી કરવા પક્ષી પરબો બનાવી હતી. બાળકોના પ્રયત્નોના કારણે સંકુલમાં લગાડાયેલા ચકલીઘરમાં અનેક પક્ષીઓએ માળા બાંધ્યા છે. લીંબોદરા હાઈસ્કૂલની આ પ્રવૃત્તિ આસપાસના વિસ્તારમાં ચર્ચાનું કેન્દ્ર બની પ્રસંશા પામી રહી છે.



# સે-૨૨ રોટરી કલબના સેન્ટરમાં આવતીકાલે જેનરિક દવાનો સ્ટોર ખુલ્લો મુકાશે

ગાંધીનગર તા ૨૧

નાગરિકોને રાહતદરે ગુણવત્તાયુક્ત દવાઓ મળી રહે તેવા આશયથી આવતીકાલે સવારે ૯ કલાકે સે-૨૨ પંચદેવ મંદિરની પાછળ રોટરી કલબના ફિઝિયોથેરાપી સેન્ટરમાં જેનરીક મેડીકલ સ્ટોલનો શુભારંભ કરવામાં આવશે. નહી નફો નહી નુકશાનના અભિગમ સાથે સ્ટોલને નાગરિકોની સુવિધા માટે ખુલ્લો મુકવામાં આવશે. પ્રધાનમંત્રી ભારતીય જન ઔષધિ પરી યોજના હેઠળ દર્દીઓને સસ્તી કિંમતે દવાઓ મળી રહેશે.

**નાગરિકોને વાજબી ભાવે ગુણવત્તાયુક્ત દવા મળશે : દર્દીઓના રોગનુ નિદાન પણ કરાશે**

શહેર તેમજ જિલ્લામાં નાગરિકોને સસ્તી અને ગુણવત્તાયુક્ત દવાઓ ઉપલબ્ધ થાય તે માટે સે-૨૨ પંચદેવ મંદિર પાછળ સ્થિત રોટરી કલબના જેનરિક મેડીકલ સ્ટોરનુ ઉદઘાટન કરવામાં આવશે. રોટરી કલબના પ્રમુખ એન પી પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ રોટરી કલબના પ્રમુખ ડો પિયુષ દવે આશિષ્ટન્ટ ગર્વનર સમીર ત્રિવેદી રાહુલ મહેતા ,કમલકિશોર જૈન તેમજ જશવંત ગાંધીએ આ અંગે માહીતી આપતા જણાંવ્યુ હતુ કે આગામી તા ૨૩ માર્ચના રોજ સવારે ૯ કલાકે જેનરિક દવાઓના આ સ્ટોલનુ આરોગ્ય મંત્રી શંકરભાઈ ચૌધરીના હસ્તે ઉદઘાટન કરવામાં આવશે. આ તબક્કે વિધાનસભાના ઉપાધ્યક્ષ શંભુજી ઠાકોર ઉત્તરના ધારાસભ્ય અશોક પટેલ, મેયર પ્રવિણ પટેલ ,ગુડાના ચેરમેન આશિષ દવે તેમજ પુર્વ મંત્રી મહેન્દ્ર ત્રિવેદી માહીતી કમિશ્નર વી એસ ગઢવી ઉપસ્થિત રહેશે. રોટરી કલબના હોદેદારોએ આ અંગે માહીતી આપતા જણાંવ્યુ હતુ કે આ મેડિકલ સ્ટોર ખાતે ભારતીય જન ઔષધિ પરી યોજના હેઠળ વિવિધ રોગોની ગુણવત્તાયુક્ત દવાઓ નહી નફો અને નુકશાનના ધોરણે વ્યાજબી ભાવે વેચાણ થશે. આ મેડિકલ સ્ટોર સવારે ૮ થી ૧૨ અને સાંજે ૪ : ૩૦ થી ૮ કલાકનો રહેશે. આ ઉપરાંત જનરલ ફિઝિશિયન મારફતે દર્દીઓને રાહતના દરે રોગોનુ નિદાન પણ કરવામાં આવશે. આ જેનરિક મેડીકલ સ્ટોર્સનો લાભ લેવા માટે નાગરિકોને અનુરોધ કરવામાં આવ્યો છે.



વડોદરા જિલ્લાના વાઘોડીયા વિધાનસભા બેઠકના ધારાસભ્ય મધુભાઈ શ્રીવાસ્તવના વિસ્તારમાંથી ૨૮ લક્ઝરી બસમાં મહિલાઓ વિધાનસભાની કામગીરી નિહાળવા માટે આવી હતી. વિધાનસભાની કામગીરી નિહાળ્યા બાદ ધારાસભ્ય મધુભાઈ શ્રીવાસ્તવના સેક્ટર-૮ના નિવાસસ્થાને ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી. આ પ્રસંગે મધુભાઈ શ્રીવાસ્તવે મહિલાઓને સાડી આપી સન્માનીત કર્યા હતા.



### સે. ૨૭માં આઈ ચેકઅપ કેમ્પ

સૌરાષ્ટ્ર કચ્છ સમાજ સેવા ટ્રસ્ટ તથા તેજ આઈ કેરના સંયુક્ત ઉપક્રમે સેક્ટર-૨૭ આનંદનગર ખાતે વસાહતીઓ માટે આંખની નિઃશુલ્ક તપાસ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં સેક્ટરના ૧૦૦થી વધુ વસાહતીઓએ પોતાની આંખનું નિદાન કરાવ્યુ હતુ.

# ગુણોત્સવ-શાળા ઉત્સવથી શિક્ષણનું સ્તર સુધર્યું

ગુણોત્સવ અને શાળા પ્રવેશોત્સવ જેવા કાર્યક્રમો પ્રસિદ્ધિ માટે નહીં, પરંતુ લોકજાગૃતિ માટે થાય છે. આ કાર્યક્રમોથી રાજયમાં કન્યા કેળવણીની ટકાવારી ૯ ટકાથી વધીને ૧૧ ટકા થઈ છે. ધોરણ ૧ થી ૭ સુધીમાં ૩૭ ટકા બાળકો અભ્યાસ છોડી દેતા હતા, એ ટકાવારી ઘટીને ૭ થઈ છે. જ્યારે પાંચમાં ધોરણ સુધીમાં ૨૦ ટકા બાળકો અભ્યાસ છોડી દેતા હતા એ ટકાવારી ઘટીને માત્ર ૨ ટકા રહી છે. શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ વિધાનસભા ગૃહમાં આ માહિતી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, ગુણોત્સવ અને શાળા પ્રવેશોત્સવ જેવા કામોમાં રાજકીય અવલોકનો ન હોય. પ્રાથમિક શાળામાં શિક્ષણનું સ્તર સુધરે એ આપણા સહુનું કામ છે, અને કામમાં તમામ ઉચ્ચ અધિકારીઓ સહિત આપણે બધા જોડાઈએ એ જરૂરી છે. શિક્ષણ રાજયમંત્રી નાનુભાઈ વાનાણીએ ગુણોત્સવ કાર્યક્રમની અસરો અંગે જણાવ્યું હતું કે, આ કાર્યક્રમથી દરેક શાળાનું અને ધોરણ ૧ થી ૮ માં અભ્યાસ કરતા પ્રત્યેક વિદ્યાર્થીનું ગ્રેડેશન કરવામાં આવે છે. ગ્રેડેશન પછી શાળાનું અને વિદ્યાર્થીનું શૈક્ષણિક સ્તર સુધારવા વિવિધ ઉપચારાત્મક પગલાં લેવામાં આવે છે. આવી શાળાઓમાં અભ્યાસના સમયમાં એક કલાકનો વધારો કરવામાં આવે છે. શાળામાં ભૌતિક સુવિધાઓમાં વધારો કરવામાં આવે છે અને આવી શાળાઓમાં વાલી સંમેલનો યોજાય. શૈક્ષણિક પ્રવાસોનું આયોજન થાય એની કાળજી લેવામાં આવી રહી છે. મંત્રી નાનુભાઈ વાનાણીએ જણાવ્યું હતું કે, શાળાઓમાં શિક્ષણની નબળી ગુણવત્તા માટે જ્યાં શિક્ષક જવાબદાર જણાશે ત્યાં જવાબદાર શિક્ષકની સેવાપોથીમાં વિરુદ્ધ નોંધ લખાશે, એટલું જ નહીં તેની જવાબદારી ઓનલાઈન મુકાશે.

# આજે બાળ અધિકારો અંગે ખાસ ચિત્રસ્પર્ધા : ૨૦૦ બાળકો ભાગ લેશે

ગાંધીનગર, તા. ૨૧

રાજ્ય બાળ આરોગ્ય દ્વારા આજે બાળકોની એક ચિત્રસ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યુ છે. આ ચિત્રસ્પર્ધામાં શહેરની ૩૮ જેટલી શાળાના ૨૦૦ જેટલા બાળકો ભાગ લેવાના છે.

ગાંધીનગર ટાઉનહોલ નજીકના મેદાનમાં યોજાયેલ બાળ ચિત્ર સ્પર્ધા સવારે ૮.૩૦ કલાકે શરૂ થશે. આ ચિત્ર સ્પર્ધામાં બાળકો બાળ અધિકારોને લઈ વિવિધ વિષયોને સ્પર્શતા ચિત્રો બનાવશે.

આ ચિત્ર સ્પર્ધામાં રાજ્ય બાળ આયોગના ચેરપર્સન સુ શ્રી જાગૃતિબેન પંડ્યા વિશેષ ઉપસ્થિત રહી બાળ-ચિત્રકારોને પ્રોત્સાહિત કરનાર છે. આ બાળ ચિત્રકારોની સ્પર્ધા અગાઉ શાળા કક્ષાએથી તેમની પસંદગી માટે મિની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યુ હતુ તેમ શિક્ષણ વિભાગના સૂત્રોએ જણાવ્યુ છે.